
## જયરામજી કી સાહેબ ! મિરકોટના લકવાગ્રસ્ત રસ્તાનો ઇલાજ કરો

**ડિજિટલ** ઇન્ડિયાના યુગમાં આદિવાસી વિસ્તાર સાથે છેલ્લાં 10 વર્ષથી અન્યાય

**જો રસ્તા** નહીં બને તો મિરકોટના ગ્રામજનોની આંદોલનની ચીમકી



વ્યારા: ઉચ્છલ ખાતે સામાજિક યુવા આગેવાન અલ્પેશ ગામીત દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં મામલતદારને આવેદનપત્ર આપી મિરકોટ ગામમાં વર્ષોથી બિસમાર બનેલા રસ્તાનું નિવારણ લાવવા માટે લેખિત રજૂઆત કરવામાં આવી હતી. મીરકોટ ગામમાં 10 વર્ષ પહેલાં બનાવવામાં આવેલા રસ્તાઓનું આજદિન સુધી મરામત સહિત કોઈપણ જાતનું રિપેરિંગ કરવામાં ન આવતાં ગામથી મિરકોટ રેલવે ફળિયા થઈ કારબારી ફળિયા સુધીનો રસ્તો તેમજ સુમનભાઈના ખેતરથી બાબુભાઈના ઘર સુધીનો રસ્તો બિસમાર હાલતમાં જોવા મળી રહ્યો છે. જર્જરિત બનેલા આ ખરાબ રસ્તાને કારણે ગામનાં લોકોને અવરજવર માટે ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન લોકોને અવરજવર કરવી મુશ્કેલ બને છે ત્યારે વહેલી તકે આ બિસમાર બનેલા રસ્તાને ડામર રોડ બનાવવાની માંગ કરવામાં આવી હતી.


મિરકોટ ગામથી મિરકોટ રેલવે ફળિયા થઈ કારબારી ફળિયા સુધી પાકો રસ્તો બનાવવા તેમજ સુમનભાઈના ખેતરથી બાબુભાઈના ઘર સુધી ડામર રોડ બનાવવાની માંગ કરવામાં આવી હતી. હાલ રસ્તાની ખરાબ સ્થિતિને કારણે વરસાદી સિઝનમાં કાદવ અને ખાડાઓથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, દર્દીઓ અને ગ્રામજનોને અવરજવર કરવામાં ભારે હાલાકી વેઠવી પડે છે. અલ્પેશ ગામીતે જણાવ્યું હતું કે અનેક વખત રજૂઆતો છતાં પ્રશ્નનો કાયમી ઉકેલ આવ્યો નથી, જેથી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ફરીથી રજૂઆત કરવાની ફરજ પડી છે. ગ્રામજનોમાં પણ પ્રશ્ને ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વહેલી તકે કામગીરી નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર રજૂઆતો કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

## મુંઝલાવમાં ગેરકાયદે ખનન ઝડપાયું રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ સીઝ

**બે હાઈવા** ટ્રક અને એક જેસીબી કબજે

માંડવી: માંડવીના મુંઝલાવમાં સરકારી સંપત્તિની ચોરી કરતા અને કોઈપણ પ્રકારની પરવાનગી વિના ગેરકાયદે માટીખનન કરતાં તત્ત્વો સામે સુરત ભૂસ્તર વિભાગ તથા સ્થાનિક પ્રશાસને લાલ આંખ કરી છે. અરેઠ મામલતદાર અને ભૂસ્તર વિભાગની સંયુક્ત ટીમે ચોક્કસ બાતમીના આધારે ઓચિંતો દરોડો પાડીને અંદાજે રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરતાં પંથકના ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મુંઝલાવની સીમમાં આવેલી છબુબેન વનમાળીભાઈ વસાવાની માલિકીની જમીનમાં મોટા પાયે ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ધમધમી રહી હોવાની તંત્રને ચોક્કસ બાતમી મળી હતી. આ માહિતીના આધારે અરેઠના





હિતેશ પટેલ

મામલતદાર જયેશ જાકાસણીયા અને ભૂસ્તર વિભાગના કાફલાએ ઘટના સ્થળે ત્રાટકીને બે હાઈવા ટ્રક અને એક જેસીબી (JCB) મશીન સીઝ કર્યા હતા. આ કાર્યવાહી દરમિયાન થયેલી પ્રાથમિક તપાસમાં એ હકીકત સપાટી પર આવી હતી કે, સુરતના સરથાણા જકાતનાકા વિસ્તારના નીતિન મનસુખ પાઘડાર દ્વારા આ બિનઅધિકૃત ખનનનો કારોબાર ચલાવવામાં આવી રહ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, હાલમાં નેશનલ હાઈવે અને બુલેટ ટ્રેન જેવા મેગા પ્રોજેક્ટ્સમાં માટી પુરાણની મંજૂરી મેળવી તેની આડમાં ખનિજ માફિયાઓ દ્વારા બેરોકટોક ખનન કરવામાં આવી રહ્યું છે. તદુપરાંત ઓવરલોડ ટ્રકોની બેફામ અવરજવરને કારણે સ્થાનિકોમાં અકસ્માતનો ભય પણ સતત વર્તાઈ રહ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે લોકમુખે એવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે કે માંડવી, અરેઠ અને માંગરોળ પંથકમાં ધમધમતા આ કાળા કારોબારમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગત હોવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. જો કે, આ દરોડા બાદ ભૂસ્તર વિભાગે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, કુદરતી સંપત્તિની લૂંટ ચલાવનારાં તત્ત્વ સામે આગામી દિવસોમાં ઝુંબેશ સઘન બનાવી વધુ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંત્રોલી પાસે ટ્રક પાછળ ટેમ્પો અથડાતાં ડ્રાઈવર કેબિનમાં ફસાઇ ગયો

કામરેજ: વેલંજાથી નવીપારડી ગામની હદમાં સોમવારના રોજ રાત્રિના 9.30 કલાકે ટ્રક નં.(જીજે 03 બીડબ્લ્યૂ 6487)ના પાછળના ભાગે આઈસર ટેમ્પો નં.(જીજે 31 ટી 6177)ના ચાલક નિશાર મોહમંદ નુરૂદીન શેખ (રહે.,8, બસેરા સોસાયટી, લીમડા તળાવ પાસે, તા.મોડાસા, જિ.અરવલ્લી)એ ટેમ્પો અથડાવી દેતાં નિશાર ટેમ્પોની કેબિનમાં ફસાઈ જતાં સ્થાનિક લોકો તેમજ પોલીસે બે કલાકની જહેમત બાદ બહાર કાઢી સારવાર માટે 108માં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેને બંને પગના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

### ગડતમાં ઘરના ઓટલા પરથી મોપેડની ચોરી

વ્યારા: ડોલવણના ગડત ગામના પાંઢર ફળિયામાં ઘરના ઓટલા પર પાર્ક કરેલી મોપેડ કોઈક અજાણ્યો ચોર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે ડોલવણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ચોરી થયેલી મોપેડ નં.(GJ 26 AJ 3482) જેની કિંમત અંદાજે રૂ.૭૦ હજાર હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે એલિસાબેન ગામીતે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કાકરાપાર પોલીસ સાઈબર ક્રાઈમના વોન્ટેડ આરોપીને દાહોદથી ઊંચકી લાવી

વ્યારા: તાપીમાં કાકરાપાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઇ.ટી. એક્ટ મુજબ સાઈબર ક્રાઈમના વોન્ટેડ આરોપીને પોલીસ દાહોદથી ઊંચકી લાવી હતી. મળતી માહિતી મુજબ વ્યારાના એક ગામમાં માતા સાથે રહેતી 19 વર્ષની યુવતીને બે માસ અગાઉ તા.9મી ફેબ્રુઆરી-2026ના રોજ બહેનપણી મારફતે સોશિયલ મીડિયામાં ઇન્સ્ટાગ્રામ પર કોઈએ તેના ફોટાનો ઉપયોગ કરી બોગસ આઈડી બનાવી હોવાનું જાણવા મળ્યું હતું. જે આઈડી સર્ચ કરતાં તેમાં એડિટ કરેલા અશ્લીલ ફોટા અપલોડ કરવામાં આવ્યા હતા તેમજ ખરાબ ફોટો એડિટ કરી સ્ટોરી બનાવી યુવતીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવું કૃત્ય કર્યું હતું. અને ખોટું ઈલેક્ટ્રિક રેકર્ડ ઊભું કરી સાયબર ગુનો કર્યો હોય, જે અંગે 11મી એપ્રિલ-2026ના રોજ યુવતીએ કાકરાપાર પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ આપી હતી. જે ગુનામાં પોલીસને લોકેશન મળતાં આરોપી જીતેશ રમેશ હઠીલા (ઉં.વ.20) (રહે.,રોહિતવાસ ફળિયું, ચંદલા, તા.ગરબાડા, જિ.દાહોદ)ને દાહોદથી પકડી લીધો હતો.

### સોનગઢ પાસે રૂ.4.11 લાખના મુદ્દામાલ સાથે દારૂ ભરેલી કાર ઝડપાઈ, એકની ધરપકડ

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને જોઈ નાસવા જતી આઈ-10 કારનો ફિલ્મી ઢબે પીછો કરી પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે કારનો ડ્રાઈવર અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.તાપી એલ.સી.બી. પોલીસ સ્ટાફ સોનગઢ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, એક હ્યુન્ડાઇ આઈ-10 કાર નં.(GJ-05-RB-4975)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને પસાર થવાની છે. આ બાતમીના આધારે પોલીસે નેશનલ હાઈવે નંબર 56 પર સોનગઢથી વ્યારા જવાના રસ્તે વોચ ગોઠવી હતી. ડોસવાડા ગામના પાટિયા પાસે રસ્તો બ્લોક જોઈ કાર ચાલકે પોખરણ પાટિયા પાસેથી યુ-ટર્ન લઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પોલીસે પોખરણ ગામની સીમમાં એચ.પી. પેટ્રોલ પંપ પાસે ફરીથી ઘેરો કરતાં કાર ચાલકે ગાડી ઊભી રાખી દીધી હતી.જો કે, ડ્રાઈવર અને ક્લીનર બંને ઊતરીને નાસવા લાગ્યા હતા, જેમાં પોલીસે પીછો કરી ક્લીનર મિતેશ ચંપકભાઈ પટેલ (ઉં.વ.30) (રહે.,જંબુરી, તા.ઉમરગામ, જિ.વલસાડ)ને ઝડપી પાડ્યો હતો. ભાગતી વખતે નીચે પડી જવાથી તેને માથા અને દાઢીના ભાગે ઈજાઓ પહોંચી હતી. પોલીસે કારની તલાશી લેતાં તેમાંથી 1224 નંગ દારૂની બોટલો મળી આવી હતી, જેની કિં.રૂ.2,06,832 થાય છે.તપાસમાં વધુમાં બહાર આવ્યું હતું કે, આરોપીઓએ દારૂની હેરાફેરી કરવા માટે કાર પર ખોટી નંબર પ્લેટ લગાવી હતી, જેની અંદરથી તપાસ કરતાં પોલીસને અસલી નંબર પ્લેટ નં.(GJ-15-CH-5659) મળી આવી હતી. પોલીસે દારૂ, રૂ.2 લાખની કાર, મોબાઈલ અને નંબર પ્લેટ મળી કુલ રૂ.4,11,832નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, આ દારૂનો જથ્થો દમણના રોનક નામના ઈસમે ભરી આપ્યો હતો. પોલીસે દારૂ ભરી આપનાર રોનક અને નાસી જનાર ડ્રાઈવર બાલીને વોન્ટેડ જાહેર કરી સોનગઢ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં વિપસ્સના કેન્દ્રનો આરંભ



સુરત: સોનગઢના બાલઅમરાઈમાં બુધ્ધપૂર્ણિમાના અવસરે ધમ્મ સોનગઢ વિપસ્સના ધ્યાન કેન્દ્રનો પ્રારંભ થયો છે. શરૂઆતમાં ત્રણ-ત્રણ દિવસના બે રેસિડેન્સિયલ કોર્સ પૂર્ણ થયા બાદ હાલમાં દસ દિવસીય વિપસ્સના શિબિર કાર્યરત છે. આ શિબિરનું સંચાલન સોનગઢ વિપસ્સના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે, જેમાં ભાગ લેવા ઈચ્છુક સાધકો પાસે કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ લેવામાં આવતો નથી. દસ દિવસ સુધી અહીં તપોભૂમિમાં જ રહીને વિપસ્સના ધ્યાન વિધિ શીખવવામાં આવતી હોય છે. હાલમાં સોનગઢ ખાતેના વિપસ્સના ધ્યાન કેન્દ્રમાં ૩૪ સાધકો માટે અહીં રહીને અભ્યાસ થઈ શકે એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જે ભવિષ્યમાં ધીરે ધીરે વધારીને ૨૦૦ સાધકો એકસાથે ધ્યાન કરી શકે એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

## માંગરોળમાં સૂરજ ઊગે તે પહેલાં જ વીજચોરોની ઊંઘ ઊડી ગઈ!



વિનોદ મૈસુરીયા

**40 ડિગ્રી** તાપમાનમાં 40 લાખથી વધુનો દંડનો કરંટ અપાયો

વાંકલ: સુરત જિલ્લાના માંગરોળ સબ ડિવિઝનમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વહેલી સવારે સાડા પાંચ વાગ્યાથી વીજચોરી ડામવા માટે એક મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ સઘન ચેકિંગ ઝુંબેશમાં સુરત, ભરૂચ અને વલસાડ સહિતના વિવિધ જિલ્લાની વિજિલન્સ ટીમોના આશરે 33 જેટલા ઉચ્ચ વીજ અધિકારીઓ અને કર્મચારીઓ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે જોડાયા હતા. ખાસ કરીને મોસાલી, ધરમપુર, ડુંગરી, ઉમેલાવ અને દેગડિયા સહિતનાં સાત ગામોમાં ટીમોએ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કુલ 1408 વીજ કનેક્શનનું બારીકાઈથી ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં 57 જેટલી જગ્યાએ વીજ વપરાશમાં ગેરરીતિ અને ગેરકાયદે જોડાણો મળી આવ્યાં હતાં. આ વીજ દરોડા દરમિયાન અંદાજે 40.55 લાખ રૂપિયાની વીજચોરી ઝડપાઈ ગઈ છે. લાંબા સમયથી મળતી લાઈનલોસ અને ગેરકાયદે લંગર નાંખીને વીજળી ખેંચવાની ફરિયાદોને પગલે આ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

વીજ કંપનીના અધિકારીઓએ પોલીસ કાફલા સાથે જે રીતે ગામડાંમાં તપાસ શરૂ કરી તેનાથી વીજચોરી કરનારાં તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. જીયુવીએનએલ દ્વારા હવે આ તમામ કિસ્સાઓમાં કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસૂલવાની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે.

## બે વર્ષ જૂની મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવાની ઝુંબેશ હેઠળ એક મહત્ત્વની સફળતા મેળવી છે. બે વર્ષ પહેલાં કામરેજના કોસમાડામાંથી ચોરી થયેલા મોબાઈલ સાથે પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે. સુરત ગ્રામ્ય LCBની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમીદારો પાસેથી ચોક્કસ માહિતી મળી હતી કે, કામરેજ પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલ એક વ્યક્તિ ચોરીના મુદ્દામાલ સાથે વલથાણ નહેર પાસે ઊભો છે. મળેલી બાતમીના આધારે પોલીસે વલથાણ નહેર ખાતે વોચ ગોઠવી શંકાસ્પદ ઈસમને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં પકડાયેલા આરોપીનું નામ વિજયભાઈ જયરામભાઈ વાળસુર (ઉં.વ.૪૦) હોવાનું ખૂલ્યું છે. આરોપી મૂળ અમરેલીના સાવરકુંડલાનો વતની છે અને હાલ કામરેજના માંકણા ગામની શિવપૂજા સોસાયટીમાં રહી રત્નકલાકાર તરીકે કામ કરે છે. પોલીસે આરોપી પાસેથી ૨૦,૦૦૦ની કિંમતનો ચોરીનો મોબાઈલ ફોન કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મોબાઈલ ચોરીના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

## વરેલી ગામમાં તમંચા સાથે એક ઈસમ ઝડપાયો

પલસાણા: કડોદરા પોલીસે દેશી હાથ બનાવટના તમંચા અને જીવતા કારતૂસ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી 10 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સુરત જિલ્લાની કડોદરા જીઆઈડીસી પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વરેલી પાટિયાથી સંસ્કાર સ્કૂલ તરફ જવાના સર્વિસ રોડ પર એક ઈસમ આંટાફેરા મારે છે. જે ઈસમ પાસે વગર પાસ પરમિટનો ગેરકાયદે દેશી હાથ બનાવટનો તમંચો પેન્ટના કમરના ભાગે સંતાડી રાખ્યો છે. જે બાતમીના આધારે પોલીસે વરેલી ગામની સંસ્કાર સ્કૂલ પાસે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમી મુજબનો ઈસમ વરેલી પાટિયા તરફથી ચાલતો આવતો શંકાસ્પદ ઈસમને કોર્ડન કરી અંગજડતી કરતાં તેની પાસેથી દેશી હાથ બનાવટનો



ઈલ્યાસ શેખ, દિપકસિંહ મહિડા

તમંચો અને એક જીવતો કારતૂસ મળી આવ્યો હતો. પોલીસે પકડાયેલા ઈસમ શુભમ પિન્ટુભાઈ ગોવિંદભાઈ પાંડે (ઉં.વ.19) (રહે., શાંતિપેલેસ, વરેલી, તા.પલસાણા, મૂળ રહે.,ગયા, બિહાર)ની સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ ગુનામાં નિશાંત પાંડે (રહે.,લખઈપુર, ગયા, બિહાર)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે પકડાયેલા ઈસમ પાસેથી એક તમંચો કિં.રૂ.10 હજાર, જીવતા કારતૂસ કિંમત રૂ.200, રોકડ રૂ.170 મળી કુલ 10370 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## તાપીમાં બર્ડ ફ્લૂ સામે સાવચેતી, નિયમોનું પાલન અનિવાર્ય

વ્યારા: મહારાષ્ટ્રના નંદુરબારના નવાપુરમાં અત્યંત રોગકારક ઈન્ફ્લુએન્ઝા વાયરસની પુષ્ટી થયેથી રાજ્યના નજીકના તાપી જિલ્લાના ઉચ્છલ તથા નિઝર તાલુકામાં એવિયન ઈન્ફ્લુ એન્ઝા વાયરસ દ્વારા બર્ડ ફ્લુનો રોગ અન્ય પક્ષીઓમાં પણ ફેલાવવાની શક્યતા રહેલી છે. જેને કેન્દ્રમાં રાખી તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર. બોરડે કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ સર્વેલન્સ વિસ્તારમાં તકેદારીના ભાગરૂપે મરઘાં પાલનને લગતી કોઈપણ પ્રવૃત્તિ જેવી કે ઈંડા, મરઘા, મરઘાની અગાર તથા મરઘા ફાર્મની સાધન સામગ્રી અંદર અથવા બહાર લઈ જવા પ્રતિબંધ રહેશે. તેમજ ૧થી ૧૦ કિમીના સર્વેલન્સ વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મ સાથે કામ કરતા માણસોએ બેસ, માસ્ક, મોજા, ગમ બુટ, ડિસ્પોઝેબલ ગ્લવ્ઝ જેવા રક્ષણાત્મક પહેરવેશ પહેરવાનો રહેશે.

## ‘હથુરણ ક્યાંથી જવાશે?’ પૂછી મોપેડ સવાર બે વૃદ્ધાની ચેઈન આંચકી છૂ

**પોલીસે** અરજી લઈ સીસીટીવી કેમેરાની ચકાસણી કરી, નંબર વગરની મોપેડ કેમેરામાં કેદ થઈ

હથોડા: કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના તરસાડી ખાતે રહેણાક વિસ્તારમાં એક વૃદ્ધા મંદિરેથી દર્શન કરી પરત ઘરે જઈ રહી હતી. ત્યારે વગર નંબરની મોપેડ પર આવેલા બે શખ્સો વૃદ્ધાને નિશાન બનાવી ગળામાં પહેરેલી ત્રણ તોલાની સોનાની ચેઈન આંચકી પલાયન થઈ જતા જનતામાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

તરસાડીની સોમનાથ સોસાયટીમાં રહેતી 68 વર્ષની એક વૃદ્ધા સવારે નજીકમાં આવેલા મંદિરે દર્શન માટે ગઈ હતી અને મંદિરેથી પોતાના ઘરે પરત ફરતી હતી અને નજીકમાં આવેલા ખુલ્લા પ્લોટ પાસેથી પગપાળા ચાલીને ઘરે જઈ રહી હતી. ત્યારે કાળા કલરની મોપેડ પર આવી ચડેલા બે અજાણ્યા ઈસમ નજીકમાંથી પસાર થયા બાદ થોડે આગળ જઈ ફરી પરત થયા હતા. અને વૃદ્ધાને પૂછ્યું હતું કે, હથુરણ જવા માટે રસ્તો ક્યાંથી જશે? હજી વૃદ્ધા કંઈક સમજે તે પહેલાં મોપેડની પાછળ બેસેલા અજાણ્યા યુવાને વૃદ્ધાના ગળામાંથી 3 તોલાની સોનાની ચેઈન આંચકી લીધી હતી. સવારની પહોરમાં 8:30 વાગે ધોળાદહાડે બનેલા બનાવતી વૃદ્ધા ગભરાઈ ગઈ હતી અને બૂમરાણ મચાવતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં તો ચેઈનની મોપેડ લઈને ભાગી છૂટ્યા હતા. વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરતાં વગર નંબરની કાળી મોપેડ શંકાસ્પદ હાલતમાં ફરતી હોવાનું જણાયું હતું. આ ઘટના બાબતે કોસંબા પોલીસે અરજી લઈને વધુ તપાસ હાથ ધરી છે. જો કે, આ લખાય છે ત્યાં સુધી હજી પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ નથી.

## કડોદરાથી ગાંજા સાથે એક ઝડપાયો, એક વોન્ટેડ

પલસાણા: સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પલસાણાથી કડોદરા ચોકડી તરફ નેશનલ હાઈવે નં.48ના સર્વિસ રોડ પર ડાબી તરફ ખોડિયાર માતાના મંદિરની બાજુમાં આવેલા પતરાના શેડમાં આવેલી કેબિનમાંથી 163 ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ 19490 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે સમયે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે કડોદરામાં પલસાણાથી કડોદરા ચોકડી તરફ આવતા નેશનલ હાઈવે નં.48ના સર્વિસ રોડ પર ડાબી તરફ ખોડિયાર માતાના મંદિરની બાજુમાં આવેલ પતરાના શેડમાંથી મહેન્દ્રભાઈ બતહન ચૌપાલ (ઉં.વ.58) (રહે., ભગુનગર સોસાયટી, કડોદરા, મૂળ રહે.,મધુબની, બિહાર)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી 163 ગ્રામ ગાંજાનો જથ્થો કિં.રૂ. 8150, એક મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર અને અંગજડતીના રોકડા રૂ.1340 મળી કુલ 19490 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ગુનામાં માલ પૂરો પાડનાર એક અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો. પકડાયેલો આરોપી છેલ્લા 6 મહિનાથી ગાંજાનું છૂટક વેચાણ કરતો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બારડોલીમાં પેટ્રોલ-ડીઝલના પુરવઠામાં વિક્ષેપથી વાહનચાલકો બેહાલ





બારડોલી: બારડોલી શહેર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાતા હાહાકાર મચી ગયો છે. અનેક પેટ્રોલ પંપો પર ઈંધણનો જથ્થો ખૂટી પડતાં વાહનચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મળતી માહિતી મુજબ ઓઈલ કંપનીઓ દ્વારા પૂરતા પ્રમાણમાં પુરવઠો પૂરો પાડવામાં ન આવતો હોવાથી આ ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે.

શહેરના મોટા ભાગના પેટ્રોલ પંપો પર ‘નો સ્ટોક’નાં બોર્ડ ઝૂલતા જોવા મળી રહ્યાં છે. કેટલીક જગ્યાએ માત્ર પેટ્રોલ ઉપલબ્ધ છે, જ્યારે ડીઝલનો જથ્થો સંપૂર્ણપણે ખલાસ થઈ ગયો છે. આ અછતને કારણે જ્યાં પણ ઈંધણ ઉપલબ્ધ છે, ત્યાં વહેલી સવારથી જ વાહનોની લાંબી કતારો દૃશ્યમાન થઈ રહી છે. કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં અનેક લોકોને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે. ખાસ કરીને ખેતી અને પરિવહન સાથે સંકળાયેલા લોકો ડીઝલ ન મળવાને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. જો કંપનીઓ દ્વારા સત્વરે સપ્લાય શરૂ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ વણસી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. હાલ તો બારડોલીના વાહનચાલકો ઈંધણ માટે એક પંપથી બીજા પંપે ભટકી રહ્યા છે.


Milano MULTIPLEX

બારડોલી

Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm

Bhooth Bangla- 11:00am, 07:00pm

Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm

Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm

Daadi Ki Shaadi-10:00am,

Mortal Kombat 2- 01:00pm

Vaanki Chuki Love Story- 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૫૮/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- રાકેશકુમાર પ્રભાકર ખેરનાર, રહે.૧૧-૧૧૬, ચાર રસ્ત, સાગબારા રોડ, ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા, જી.નર્મદા-૩૯૩૦૪૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી સિયાલજ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાકેશકુમાર પ્રભાકર ખેરનાર, રહે.૧૧-૧૧૬, ચાર રસ્ત, સાગબારા રોડ, ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા, જી.નર્મદા-૩૯૩૦૪૦એ તેઓના બનેવી નરેશભાઈ મુલચંદ જગતાપનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નરેશભાઈ મુલચંદ જગતાપ ૨. મરણ તારીખ: ૩૦/૦૧/૨૦૨૫ ૩. મરણનું સ્થળ: મોજે.સિયાલજ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે નરેશભાઈ મુલચંદ જગતાપના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૫૯/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- રાકેશકુમાર પ્રભાકર ખેરનાર, રહે. ૧૧-૧૧૬, ચાર રસ્ત, સાગબારા રોડ, ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા, જી.નર્મદા-૩૯૩૦૪૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી સિયાલજ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાકેશકુમાર પ્રભાકર ખેરનાર, રહે,૧૧-૧૧૬, ચાર રસ્ત, સાગબારા રોડ, ડેડીયાપાડા, તા:ડેડીયાપાડા, જી.નર્મદા-૩૯૩૦૪૦એ તેઓના બહેન છાયાબેન નરેશભાઈ જગતાપનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: છાયાબેન નરેશભાઈ જગતાપ ૨. મરણ તારીખ: ૩૦/૦૧/૨૦૨૫ ૩. મરણનું સ્થળ: મોજે.સિયાલજ, તા.માંગરોળ, જી.સુરત.

સબબ, ઉપરોક્ત વિગતે છાયાબેન નરેશભાઈ જગતાપના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**નામ બદલેલ છે.**

મારું જૂનું નામ પેહલા ભરવાડ બુધાભાઈ રાહાભાઈ હતુ જે બદલી ને નવું નામ બુધાભાઈ રાહાભાઈ ભરવાડ રાખેલ છે જેની સર્વે નોંધ લેવી.

લિ. બુધાભાઈ રાહાભાઈ ભરવાડ
સરનામું : ૧૯ રામ નગર - ૨
કુડસદ તાલુકો ઓલપાડ
જી. સુરત ગુજરાત ૩૯૪૧૧૦

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM BHARAVAD BUDHABHAI RAHABHAI TO NEW NAME BUDHABHAI RAHABHAI BHARVAD NAME WHICH PLEASE NOTE

SD: BUDHABHAI RAHABHAI BHARVAD
ADD : 19,RAM NAGAR KUDSAD OLAPD KUDSAD SURAT GUJARAT 394110

**ગ્રામ પંચાયત કોસંબા**
**મુ.પો.કોસંબા તા.માંગરોળ, જી.સુરત.**

આથી કોસંબા ગ્રામ પંચાયતની જાહેર જનતાને જણાવવાનું કે, જન્મ - મરણ ના રજીસ્ટરોનુ પુનર્ગઠન કરવાની કામગીરી કરવાની થતી હોય તમામ ગ્રામજનોને વર્ષ ૧૯૬૧ થી ૧૯૯૫ જુના જન્મ પ્રમાણપત્રો અને વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૮ જુના મરણ ના પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા ગ્રામ પંચાયત કોસંબા ખાતે રજુ કરી નવા જન્મ/મરણ પ્રમાણપત્રો મેળવી લેવા આથી જણાવવામાં આવે છે. આ જાહેરનામું પ્રસિધ્ધ કરવાના દિનથી ૬(છ) માસ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની થતી હોય સમય મર્યાદામાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરી નવા જન્મ/મરણ પ્રમાણપત્રો મેળવી લેવા આથી જણાવવામાં આવે છે.

સરપંચ : સાહિર અબ્દુલ સત્તાર આરફ    તલાટી કમ મંત્રી : જયશ્રીબેન ડામોર

સ્થળ - કોસંબા    કોસંબા ગ્રામ પંચાયત    કોસંબા ગ્રામ પંચાયત
તારીખ - ૧૨/૦૫/૨૦૨૬    તા. માંગરોળ, જી. સુરત    તા. માંગરોલ, જી. સુરત.